# ૧૮મું જ્ઞાનસત્ર - ક્રિયાત્મક સંશોધન

## શાળાનાં ૮૫ શિક્ષકોનાં ૮૫ વિવિધ વિષય પર સંશોધન કાર્ય અને પ્રેઝન્ટેશન

**તા. ૧૧/૧૦/૨૫, શનિવાર :** ક્રિયાત્મક સંશોધનએ શિક્ષણ ક્ષેત્રમાં એક પ્રયોગાત્મક અને સુધારાત્મક પ્રક્રિયા છે. જે સતત વિકાસ અને ગુણાવત્તા વૃદ્ધિ માટે અત્યંત જરૂરી છે. આ હેતુસર શાળામાં ૧૮ મું જ્ઞાનસત્ર, ‘‘ક્રિયાત્મક સંશોધન’’ પરત્વે યોજાયું. જેમાં શાળાનાં શિક્ષકોએ શાળાની જુદી-જુદી સમસ્યા લઇ તેના ઉકેલ માટે આયોજન, અમલીકરણ અને મૂલ્યાંકનની ક્રિયાઓ કરી તેના અહેવાલ સાથે ખૂબ સુંદર રજૂઆત કરી. શાળાનાં ૮૫ શિક્ષકોએ ૮૫ સંશોધન પેપરનું પ્રેઝન્ટેશન કર્યું. શિક્ષણ ક્ષેત્રમાં વિદ્વાન, પી.એચ.ડી. થયેલા મહાનુભવો દ્વારા સંશોધકના વાઇવા પણ લેવાયાં. અને અન્ય શ્રોતાગણ શિક્ષકો થકી ખૂબ સારી પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી.

આ જ્ઞાનસત્રનાં ઉદ્‌ઘાટન સમારોહમાં **મા.શ્રી. ડૉ. ધીરજભાઇ પરમાર (પ્રિન્સિપાલ, બી.એડ.કોલેજ આણંદ), મા.શ્રી ડૉ. આઇ. કે. અન્સારી (ઈ.પ્રિન્સિપાલ, બી.એડ્. કોલેજ, ખરોડ), મા.શ્રી ડૉ. મિલનભાઇ શાહ (નિવૃત્ત પ્રિન્સિપાલ, અનડા બી.એડ્. કોલેજ, બોરસદ), મા.શ્રી ડૉ. પિનાકીનભાઇ યાજ્ઞિક (નિવૃત્ત એસોસીયેટ પ્રોફેસર, આણંદ એજયુકેશન કોલેજ, આણંદ), મા.શ્રી ડૉ. જયંતભાઇ શાહ સાહેબ (નિવૃત્ત અધ્યાપક, બી.એડ્. કોલેજ, ખરોડ), મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ), તથા શાળાનાં ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ** તેમજ શાળાનાં આચાર્યશ્રી શ્રી જિજ્ઞેશભાઇ જોષી (નોન ગ્રાન્ટેડ વિભાગ, ગુ.મા.), શ્રીમતી બિનિતાબેન ગોહિલ (ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રીમતી વિદ્યાબેન રાણા (અંગ્રેજી માધ્યમ) તેમજ શાળાનાં તમામ શિક્ષકમિત્રો, વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મહાનુભવોએ આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકેની કામગીરી પણ નિભાવી હતી. જે તે સંશોધન વિષયમાં વિષયવસ્તુનુ ઊંડાણ માપી જ્ઞાનનું આદાન-પ્રદાન કર્યુ હતું.






**મા.શ્રી. ડૉ. ધીરજભાઇ પરમાર (પ્રિન્સિપાલ, બી.એડ્. કોલેજ આણંદ)** સાહેબે પ્રસંગોચિત ઉદ્‌બોધન આપતાં જણાવ્યું કે, નારાયણ વિદ્યાલય જ્ઞાનસત્રો થકી શિક્ષકની સજ્જતાની ધાર કાઢે છે. જ્ઞાનની ઉપાસના કરવી. એનાથી બીજું કાર્ય કયું હોઇ શકે. શબ્દમાં ઘણી મોટી તાકાત છે. આપણે બધા શબ્દોનાં ઉપાસક છે. આપણે વિદ્યાર્થીને જાણવાનાં છે. જાણીને ભકિત ભાવપૂર્વક કાર્ય કરવાનું છે. શબ્દ વ્યકિતનાં હૈયે વાગે છે ત્યારે કંઇક નવું નિર્માણ થાય છે. બ્રહ્મલીન પરમ પૂજય નારાયણ બાપુનાં કેળવણી વિશેનાં શબ્દો આદરણીય શ્રી જયંતિભાઇ ડી. પંચાલ તથા સ્વ. રાવજીભાઇ પ્રજાપતિનાં હૈયાને સ્પર્શયા અને આજે આ શાળા બીજમાંથી છોડ, છોડમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી વટવૃક્ષ બની ગઇ છે. તેમણે શાળાની સિધ્ધિઓ, શાળામાં ચાલતાં અવનવા પ્રોજકટની, શાળાની ધરોહર વિકાસમાં આપેલ વિવિધ વ્યકિતઓનાં યોગદાનની વાત કરી. ભરૂચની શ્રેષ્ઠ શાળા તરીકે ૪ એવોર્ડથી શાળા સન્માનિત થઇ છે. જે પ્રશંસાને પાત્ર છે. તેમણે જણાવ્યું કે, જયાં સ્વ નહી, સર્વનો વિચાર છે, ત્યાં કશું ખૂટતું નથી. કેળવણી આપણને આ જ શીખવે છે.






**અસંભવ ફકત એ જ છે જેની તમે શરૂઆત નથી કરી.**